# ઉધના રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ નં.5 શરૂ, સમર સ્પે. ટ્રેનોનો માર્ગ મોકળો

**રિડેવલપમેન્ટ** કરાયા બાદ અન્ય નં.1,2,3, 4 અને 6 પ્લેટ ફોર્મ શરૂ કરી દેવાયું હતું, પરંતુ આ નં.5 બાકી હતું

**સુરત** રેલવે સ્ટેશનનું રિડેવલપમેન્ટ કરાઈ રહ્યું છે ત્યારે ઉધના સ્ટેશનથી વધુ ટ્રેનો દોડાવવી સરળ રહેશે

સુરત : દક્ષિણ ગુજરાતના રેલવે મુસાફરો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. ખાસ કરીને ઉધના રેલવે સ્ટેશન પર લાંબા સમયથી ચાલી રહેલી પ્લેટફોર્મની અસુવિધાનો હવે અંત આવ્યો છે. અત્યાર સુધી ઉધના સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર 1, 2, 3, 4 અને 6 કાર્યરત હતા, પરંતુ વચમાં બાકી રહી ગયેલું પ્લેટફોર્મ નંબર 5 પણ હવે વિધિવત રીતે શરૂ કરી દેવામાં આવ્યું છે. આ સાથે જ ઉધના સ્ટેશનના તમામ પ્લેટફોર્મ હવે ધમધમતા થઈ ગયા છે,જેની સીધી પોઝિટિવ અસર આગામી ઉનાળુ વેકેશનમાં જોવા મળશે.

મળતી માહિતી મુજબ, દર વર્ષે ઉનાળાના વેકેશન દરમિયાન ઉત્તર ભારત અને સૌરાષ્ટ્ર તરફ જતી ટ્રેનોમાં ભારે ભીડ જોવા મળતી હોય છે. રેલવે પ્રશાસન દ્વારા દર વર્ષે અનેક 'સમર સ્પેશિયલ' ટ્રેનો દોડાવવામાં આવે છે, પરંતુ પ્લેટફોર્મની મર્યાદાને કારણે ટ્રેનોના સંચાલનમાં મુશ્કેલી પડતી હતી. હવે પ્લેટફોર્મ નંબર 5 શરૂ થઈ જવાથી ટ્રેનોના રિસેશન અને ડિસ્પેચમાં સરળતા રહેશે. નોંધનીય છે કે, હાલમાં સુરત અને ઉધના બંને રેલવે સ્ટેશનો પર વર્લ્ડ ક્લાસ રિડેવલોપમેન્ટનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

સુરત રેલવે સ્ટેશન પર મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ બનાવવાની કામગીરી ચાલુ હોવાથી ઘણી ટ્રેનનું ભારણ ઉધના સ્ટેશન પર ડાયવર્ટ કરવામાં આવ્યું છે. આવા સમયે ઉધનાના તમામ પ્લેટફોર્મ કાર્યરત થવા એ રેલવે તંત્ર અને મુસાફરો બંને માટે માસ્ટરસ્ટ્રોક સાબિત થશે. પ્લેટફોર્મ નંબર 5 શરૂ થવાને કારણે ઉધના સ્ટેશન પરથી પસાર થતી પેસેન્જર અને એક્સપ્રેસ ટ્રેનોના શિડ્યુલમાં વધુ ચોકસાઈ આવશે.

# ગુજરાતની વિધાનસભાને બોમ્બ ધડાકા કરીને ઉડાવી દેવાની ધમકી

**વિધાનસભા** ગૃહમાં હડકંપ, સુરક્ષા દળોની સઘન તપાસ, પરંતુ કશું મળ્યું નહીં



ગાંધીનગર: રાજ્યના પાટનગર ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભાને બોમ્બ વિસ્ફોટથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રમાં ભારે ચકચાર મચી ગઈ હતી. અજ્ઞાત વ્યક્તિ દ્વારા મોકલાયેલ ધમકીભર્યા સંદેશા મળતા જ સુરક્ષા તંત્ર તાત્કાલિક સતર્ક બની ગયું હતું અને સમગ્ર વિધાનસભા પરિસરમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને વિધાનસભા ભવનને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું અને તમામ ધારાસભ્યોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

સુરક્ષા દળોએ ભવનના દરેક ખૂણે ખૂણે ઝીણવટભરી તપાસ કરી હતી. પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજાઓ પર કડક ચકાસણી શરૂ કરીને દરેક વ્યક્તિની તપાસ કરવામાં આવી હતી. વિધાનસભા ગૃહમાં આ મુદ્દે ચર્ચા દરમિયાન કોંગ્રેસના સભ્ય શૈલેષ પરમારે મુદ્દો ઉઠાવ્યો હતો. તેના જવાબમાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે ધમકીનો મેઈલ મળતાં જ તેમણે સીએમ ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને જાણ કરી હતી. બે વખત સઘન તપાસ કર્યા બાદ જ ગૃહની કાર્યવાહી ફરી શરૂ કરવામાં આવી હતી.ચૌધરીએ કહયું હતું કે આ રીતે બોમ્બથી વિધાનસબાને ઉડાવી દેવાની ધમકીથી ગુજરાત ડરતું નથી. આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરની બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યના પોલીસ વડા ડો કે. એલ. એન. રાવ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. પોલીસ વડાએ ડો રાવે જણાવ્યું હતું કે હાલ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી, પરંતુ સમગ્ર મામલે ગંભીરતાથી તપાસ ચાલુ રાખવામાં આવી રહી છે. આ ઘટનાને કારણે રાજ્યમાં ચિંતા ફેલાઈ છે, જ્યારે સુરક્ષા તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

# લાજપોર જેલમાં લોગો ભૂંસી સિમ કાર્ડનો ઉપયોગ

**પકડાયેલા** મોબાઈલ અને સિમ કાર્ડને વધુ તપાસ માટે એફએસએલમાં મોકલાયાં

સુરતઃ લાજપોર જેલમાં જેલ પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવેલી આકસ્મિક જડતી દરમિયાન રમઝાન મહિના માટે અલગ ફાળવેલી રમઝાન બેરેક સહિત યાર્ડમાંથી બિનવારસી હાલતમાં ૩ મોબાઈલ ફોન અને સીમકાર્ડ મળી આવતા જેલની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

લાજપોર જેલના અધિક્ષક અને નાયબ અધિક્ષકની સૂચનાથી ગત તા. ૧૬/૦૩/૨૦૨૬ના રોજ રાત્રે ૨૩:૨૦ થી મોડી રાત્રે ૦૩:૦૦ વાગ્યા સુધી જેલની વિવિધ બેરેકોમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઇન્ચાર્જ જેલર માધવસિંહ એમ. ચરપોટ અને તેમની ટીમ દ્વારા જેલમાં ખાસ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન રમઝાન યાર્ડ (એ-૧૧) બેરેક નં. ૫ માં ટીવીના નીચેના ભાગેથી સિલ્વર કલરનો 'કેચોડા' કંપનીનો મોબાઈલ અને VI કંપનીનું સીમકાર્ડ મળી આવ્યું હતું.

જ્યારે યાર્ડ નં. બી-૩/ બેરેક નં. ૨ ના શૌચાલય પાસેના ભાગેથી બીજો સિલ્વર 'કેચોડા' મોબાઈલ અને સીમકાર્ડ જપ્ત કરાયું હતું. અને રમઝાન યાર્ડ (એ-૧૨) બેરેક નં. ૩ માં વોશબેસિનની નીચે દીવાલમાં બનાવેલા ખાડામાં છુપાવેલો ગોલ્ડન કલરનો મોબાઈલ અને BSNL 5G સીમકાર્ડ મળી આવ્યું હતું. ચોંકાવનારી બાબત એ છે કે ઝડપાયેલા મોબાઈલમાંથી અમુક સીમકાર્ડ પરના લોગો જાણીજોઈને ભૂંસી નાખવામાં આવ્યા હતા જેથી તેની ઓળખ છુપાવી શકાય. સચિન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે. આ મોબાઈલ ફોનનો ઉપયોગ ક્યા કેદીઓ દ્વારા અને કઈ ગુનાહિત પ્રવૃત્તિઓ માટે કરવામાં આવતો હતો, તે જાણવા માટે તમામ ફોન એફ.એસ.એલ. (FSL) માં મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે.

# ભાવનગર, ભુજ, વેરાવળની 11 જોડી સ્પે. ટ્રેનની મુદત લંબાવાઈ

**બાંદ્રા,** ભુજ, ભાવનગર, વેરાવળ, ગાંધીધામ, ઉધના, ગાંધીગ્રામ સહિતાનાં સ્ટેશન ઉપર ટ્રેનો ઊભી રહેશે

સુરત : આગામી સમયમાં મુસાફરોનો ધસારો અને વેકેશનની સીઝનને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ (બાંદ્રા ટર્મિનસ) સાથે કનેક્ટિવિટી પૂરી પાડતી 11 જોડી સ્પેશિયલ ટ્રેનોના સંચાલન સમયમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ તમામ ટ્રેનો હવે જુલાઈ 2026 સુધી કાર્યરત રહેશે, જેનાથી હજારો મુસાફરોને કન્ફર્મ ટિકિટ અને મુસાફરીમાં સરળતા રહેશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, બાંદ્રા ટર્મિનસથી ભાવનગર, ભુજ, ગાંધીધામ અને વેરાવળ જતી લોકપ્રિય ટ્રેનોની મુદત વધારી દેવામાં આવી છે. ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્ર જનારા મુસાફરો માટે આ ટ્રેનો આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. બાંદ્રા ટર્મિનસ-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ હવે 31 જુલાઈ 2026 સુધી દોડશે. તેવી જ રીતે બાંદ્રા-વેરાવળ અને બાંદ્રા-ભુજ વચ્ચે દોડતી ત્રણ અલગ-અલગ સ્પેશિયલ ટ્રેનો ને પણ જુલાઈ 2026ના અંત સુધી લંબાવી દેવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે બાંદ્રા ટર્મિનસ-ઉધના વચ્ચે દોડતી પાંચ દિવસીય સ્પેશિયલ અને દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલના ફેરા પણ લંબાવવામાં આવ્યા છે.

## વડોદરા-જામનગર ઈન્ટરસિટી સુરત સુધી લંબાવો: સાંસદ મુકેશ પટેલ

સુરતઃ રેલવે મંત્રાલયની ડિમાન્ડ ગ્રાન્ટ્સ ૨૦૨૬-૨૭ની ચર્ચામાં સંસદમાં ભાગ લેતા ૨૪-સુરત લોકસભા સાંસદ મુકેશ દલાલે સુરત રેલવેના સ્પર્શતા વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. સાંસદએ કીમ રેલવે સ્ટેશન પર એલીવેટેડ સ્ટેર કેસ બનાવવા માટે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવજીને રજૂઆત કરી હતી. આ એલિવેટેડ સ્ટેરકેસ બનાવવાનું કામ ઝડપથી પૂર્ણ કરવા માંગ કરાઈ હતી. કોરોના પહેલા કુડસદ રેલવે સ્ટેશન પર લોકલ ટ્રેન અને કીમ રેલવે સ્ટેશન એક્સપ્રેસ ટ્રેન ઉભી રહેતી હતી પરંતુ ત્યાર બાદ તે બંધ કરી દેવામાં આવી છે. આ ટ્રેનનો ફરીથી શરૂ કરવા, વડોદરા-જામનગર ઇન્ટરસિટી જે હાલ વડોદરા અને જામનગર વચ્ચે ચાલે છે, તે ટ્રેનને સુરત સુધી લંબાવવામાં આવે તેવી રજુઆત કરી હતી. તેમજ વંદે ભારત અને શતાબ્દી ટ્રેન બપોરે નજીકના સમયમાં ઉપડતી હોય તેના સમયમાં ફેરફાર કરવા તથા વલસાડ-વડનગર એક્સપ્રેસ ટ્રેનમાં અને અમદાવાદ-મુંબઈ ગુજરાત એક્સપ્રેસમાં ફર્સ્ટ ક્લાસના કોચીસની સંખ્યા વધારવામાં સાથે ગાંધીનગર- મુંબઈ અને દિલ્હી-મુંબઈ વચ્ચે વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ કરવામાં રજુઆત કરી હતી.

# માંગરોળનાં ૨૬ ગામમાં વીજ કંપની દ્વારા રૂ. ૨૧.૩૬ લાખની વસૂલાત

**આશરે** રૂ.૫ લાખ રકમ ભરવામાં નિષ્ફળ રહેલા ૩૮ વીજ ગ્રાહકોનાં કનેક્શન સ્થળ પર જ કાપી નંખાયાં

વાંકલ: DGVCL દ્વારા વીજ બિલની બાકી રકમની વસૂલાત માટે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. માંગરોળ તાલુકા મથક હેઠળ આવતાં ૨૬ જેટલાં ગામોમાં ૧૭ અને ૧૮ માર્ચના રોજ બે દિવસીય 'મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન તંત્રએ આકરાં પગલાં ભરી લાખો રૂપિયાની વસૂલાત કરી છે.

માંગરોળ DGVCLના નાયબ કાર્યપાલક ઈજનેર ડેવિડ વસાવાના સીધા માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ડ્રાઈવ માટે લાઈનમેન અને કેશિયરોની અલગ-અલગ વિશેષ ટીમો બનાવવામાં આવી હતી, જેણે ગામે-ગામ જઈ બાકીદારો સામે કાર્યવાહી કરી હતી. આ અભિયાનનો મુખ્ય હેતુ ૮૫૧ જેટલા ગ્રાહકો પાસેથી કુલ રૂ.૪૧,૯૭,૦૦૦ની બાકી રકમ વસૂલવાનો હતો. બે દિવસની આ સઘન કામગીરીના અંતે તંત્રએ રૂ.૨૧,૩૬,૦૦૦ જેવી માતબર રકમની વસૂલાત કરવામાં સફળતા મેળવી છે.

જો કે, જે ગ્રાહકોએ વારંવારની સૂચના છતાં બાકી રકમ ભરી ન હતી, તેમની સામે વિભાગે લાલ આંખ કરી હતી. આશરે રૂ.૫,૦૦,૦૦૦ રકમ ભરવામાં નિષ્ફળ રહેલા ૩૮ જેટલા વીજ ગ્રાહકોનાં કનેક્શન સ્થળ પર જ કાપી નાંખવામાં આવ્યાં હતાં. આટલું જ નહીં, શિસ્તભંગના પગલાંરૂપે તેમનાં વીજ મીટર અને સર્વિસ વાયર પણ કબજે કરી લેવામાં આવ્યાં છે. DGVCLની આ મેગા ડ્રાઈવને પગલે સમગ્ર પંથકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# હાઈકોર્ટની ભલામણથી ગુજરાતમાં પાંચ ન્યાયાધીશોને ફરજિયાત નિવૃત્તિ

**પાંચ** ન્યાયાધીશમાં મોરબીના બે, પોરબંદર, મોડાસા અને રાજકોટના એક-એક ન્યાયાધીશનો સમાવેશ

**અચાનક** ન્યાયાધીશોની ફરજિયાત નિવૃત્તિથી જ્યુડિશિયરીમાં ખળભળા



ગાંધીનગરઃ ગુજરાતની ન્યાયિક વ્યવસ્થામાં એક મહત્વપૂર્ણ અને ચોંકાવનારું પગલું ભરતાં રાજ્યના પાંચ ન્યાયાધીશોને ફરજિયાત નિવૃત્તિ આપવામાં આવી છે. આ નિર્ણય ગુજરાત હાઈકોર્ટની ભલામણના આધારે રાજ્ય સરાકર દ્વારા લેવામાં આવ્યો હતો અને રાજ્યપાલની મંજૂરી બાદ કાયદા વિભાગ દ્વારા તેનો અમલ કરવામાં આવ્યો છે.

નિવૃત્તિ પામનાર ન્યાયાધીશોમાં મોરબીના પ્રીન્સીપલ જિલ્લા ન્યાયાધીશ પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ, મોરબી ફેમિલી અદાલતના પ્રીન્સીપલ ન્યાયાધીશ પ્રશાંત વિનોદરાય જોશી, પોરબંદર ફેમિલી અદાલતના પ્રીન્સીપલ ન્યાયાધીશ અલિહુસેન શેખ તેમજ મોડાસાના વધારાના જિલ્લા ન્યાયાધીશ કીર્તિકુમાર જયંતિલાલ દરજીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજકોટના એક ન્યાયાધીશને પણ નિવૃત્ત કરવામાં આવ્યા છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પગલું ન્યાયિક વ્યવસ્થામાં પારદર્શિતા, જવાબદારી અને કાર્યક્ષમતા વધારવા માટે જાહેર હિતમાં લેવામાં આવ્યું છે. જોકે એક સાથે અનેક વરિષ્ઠ ન્યાયાધીશોને નિવૃત્ત કરવાના નિર્ણયથી ન્યાયિક સ્વતંત્રતા અને કાર્યપ્રણાલીને લઈને ચર્ચા વધુ તેજ બની છે.

આ કાર્યવાહી ગુજરાત નાગરિક સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ ૧૦(૪) તથા ગુજરાત ન્યાયિક સેવા નિયમો, ૨૦૦૫ના નિયમ ૨૧ હેઠળ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ નિયમો મુજબ જાહેર હિતને ધ્યાનમાં રાખીને ફરજિયાત નિવૃત્તિનો નિર્ણય લેવામાં આવી શકે છે.આ નિર્ણયથી રાજ્યની ન્યાયિક વ્યવસ્થામાં સુધારાના પ્રયાસો સાથે સાથે તેની અસર અંગે ચર્ચા અને મંતવ્યોનો માહોલ પણ સર્જાયો છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### માતાએ 2 વર્ષની...

છે. માતાએ પોતાની જ ૨ વર્ષીય દીકરીને નિર્દયતાથી માર મારતા તેના મોત નીપજ્યું હોવાનું બહાર આવ્યું છે. આ બનાવ માત્ર માનવતા માટે નહીં, પરંતુ માતા-પિતા માટે પણ એક ગંભીર ચેતવણીરૂપ છે.

મળતી માહિતી મુજબ, વરાછાની વર્ષા સોસાયટી વિભાગ-૧માં રહેતી લખીબેન પૂણાભાઈ સોલંકી છેલ્લા દોઢ મહિનાથી સંદીપ નામના યુવક સાથે મૈત્રી કરારમાં રહે છે. લક્ષીબેનને કુલ ચાર દીકરીઓ છે, જેમાંથી ત્રીજા ક્રમની ૨ વર્ષીય યશવિતા આજે સવારે માતાને વારંવાર હેરાન કરતી હતી. આથી ગુસ્સે ભરાઈ માતાએ બાળકી પર નિયંત્રણ ગુમાવી દીધું અને તેને વેલણ, સાવરણી અને તમાચા વડે બેરહેમીથી માર માર્યો. મારની તીવ્રતા એટલી વધારે હતી કે બાળકી બેભાન થઈ ગઈ અને તેના મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યું. ઘટના બાદ તાત્કાલિક બાળકીને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, ફરજ પર હાજર તબીબોએ તપાસ બાદ બાળકીનું મોત નિપજ્યું હોવાનું જાહેર કર્યું. મૃતક બાળકીના પિતા ગીર સોમનાથ જિલ્લાના કોડીનારના વતની છે અને હાલ ઓખા ખાતે માછીમારીનો વ્યવસાય કરે છે. જ્યારે સંદીપ હીરાના કારખાનામાં કામ કરે છે.

### ગજેરા બંધુઓ સામેની...

તબક્કે તપાસ અટકાવવી યોગ્ય નથી. જસ્ટીસ મેંગડેએ એફઆઈઆર પણપર સ્થગિત કરવાની માંગણી પણ ફગાવી દીધી છે.

### ચાર શ્રમિકોના...

પગલાં લેવામાં આવ્યા છે. દુર્ઘટના બાદ જીપીસીબીએ તરત જ પારસ ડાઈંગ મિલને ક્લોઝર નોટિસ આપી હતી અને પ્રાથમિક તબક્કે રૂપિયા 25 લાખનો દંડ પણ વસૂલ કર્યો હતો. પરંતુ મામલાની ગંભીરતા ધ્યાનમાં રાખીને હવે વધુ કડક પગલાં લેવામાં આવ્યા છે. જીપીસીબીએ તાજેતરમાં ડીજીવીસીએલને સત્તાવાર પત્ર લખી પારસ ડાઈંગ મિલનો વીજ પુરવઠો સંપૂર્ણપણે બંધ કરવા સૂચના આપી હતી. આ પત્રના આધારે ડીજીવીસીએલના અધિકારીઓએ આજે મિલનું વીજ કનેક્શન કાપી નાખ્યું છે. સૂત્રો મુજબ, હવે જીપીસીબી તરફથી સ્પષ્ટ મંજૂરી મળ્યા બાદ જ મિલનો વીજ પુરવઠો ફરી શરૂ કરવામાં આવશે. ત્યાં સુધી ડીજીવીસીએલ દ્વારા કનેક્શન બંધ જ રાખવામાં આવશે.

### સુરત શહેરમાં રાત્રિનું...

માહોલ જળવાઈ રહેવાની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન ગાજવીજ સાથે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. આ બદલાયેલા હવામાનના કારણે છેલ્લા થોડા દિવસોથી વધતી ગરમીમાંથી લોકોને આંશિક રાહત મળવાની આશા છે.

### 17 વર્ષ પહેલાના...

અંગેનું ટેન્ડર બે વર્ષ માટે મંજૂર થયું હતું. જેમાં નવી સિવિલ હોસ્પિટસ ખાતે કુલ ૩૦૦ ઝાડ રોપી, તેની ફરતે લોખંડના પાંજરા મૂકી, તેનું મેઈન્ટેનન્સ કરવાનું હતું. આ કામનું બાકી રૂપિયા ૭૭,૦૦૦નું બિલ પેટે અધિક આસિસ્ટન્ટ ઈજનેર પ્રદિપ શશીકાંત કારખાનીશએ રુપિયા ૨૫ હજારની લાંચ માંગી હતી. વિનય પટેલને લાંચની રકમ આપવી ન હોય એસીબીમાં તા. ૨૫.૦૩.૨૦૧૧એ ફરિયાદ કરતાં એસીબીએ છટકું ગોઠવી પ્રદિપ કારખાનીશને લાંચ લેતાં ઝડપી પાડ્યાં હતાં. એસીબીએ કાયદેસરની કાર્યવાહી કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી વિશેષ ન્યાયાધીશ રાહુલ અરુણકુમાર ત્રિવેદીની કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ આરપી ડોબરિયાએ રજૂઆત કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

### લાંચનાં અનિષ્ટને...

કરવામાં આવી છે કે, આરોપી સને ૨૦૧૯માં નિવૃત્ત થયા છે અને હાલમાં તેઓ નિવૃત્ત જીવન ગુજારે છે, આથી તેમને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ. પરંતુ પ્રવર્તમાન સમયમાં લાંચ-રૂશ્વતખોરીનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે. જેથી આ અનિષ્ટને ડામવા માટે કોઈ પણ સંજોગોમાં હળવો અભિગમ દાખવી શકાય નહીં.

### કાર કન્ટેનર પાછળ...

ઘૂસી ગઈ હતી. આ ગાડી ચલાવી રહેલ કપિલ પ્રવીણ મહેતા (મહરાજ) ની બાજુની આગળની સીટ પર બેઠેલા સુમિત મહેન્દ્રભાઈ ગોહિલના માથાના પાછળના ભાગમાં ગંભીર ઈજા થતાં તેનું મોત નીપજ્યું હતું.

ઉપરાંત ગાડીની પાછળની સીટ પર બેઠેલા નિગમ મુકેશભાઈ રાઠોડ (ઉં.વ.26) અને યુગ કમલેશ દેસાઈ (ઉં.વ.18) પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ હાઈવેની મોબાઈલ ટીમ દ્વારા તમામને ભરૂચ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન નિગમ મુકેશ રાઠોડનું મૃત્યુ થયું હતું. યુગ દેસાઈની સારવાર ચાલુ હોવાના સમાચાર છે, જ્યારે ગાડીના ચાલક કપિલ મહરાજને સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળે છે. મૃતક સુમિતના પિતા મહેન્દ્રભાઈ ગોહિલે ભરૂચ રૂરલ પોલીસમાં મિત્રો વર્તુળમાં જતી ગાડી ચાલક કપિલ પ્રવીણ મહેતા વિરુદ્ધ ગફલતભરી રીતે હંકારીને કન્ટેનર પાછળ અથાડતાં ગુનો નોંધવામાં આવ્યો છે.

### કારીગરોને ઈન્ડક્શન...

લગભગ 20 હજાર જેટલી ખોલીઓ હોવાનું માનવામાં આવે છે. હાલની પરિસ્થિતિમાં LPG ગેસ સિલિન્ડર મળતા ન હોવાથી કારીગરોને રસોઈ બનાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને અનેક ઉદ્યોગકારોએ પોતાના કારીગરોને ઈન્ડક્શન ચુલા આપી વિકલ્પ પૂરો પાડવાનો પ્રયાસ કર્યો છે. જોકે, ઘણા ખોલી માલિકો દ્વારા વીજળીના વધતા બિલ અને સુરક્ષાના કારણો બતાવી ઈન્ડક્શન વાપરવા મનાઈ કરવામાં આવી રહી છે.

આ મુદ્દે સચિન ઇન્ડસ્ટ્રીયલ કો.ઓપ.સોસાયટીના ડિરેક્ટર મહેન્દ્ર રામોલિયાએ ઝોન-6 ડીસીપી રાજેશ પરમારને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે ખોલીના માલિકોને કારીગરોને ઈન્ડક્શન ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે જરૂરી માર્ગદર્શન અને પગલાં લેવાં જોઈએ. ઉદ્યોગ સાથે સંકળાયેલા આગેવાનોનું કહેવું છે કે જો કારીગરોને રસોઈ માટે યોગ્ય સુવિધા નહીં મળે તો તેઓ વતન પરત જવાની સ્થિતિમાં આવી શકે છે, જેનાથી ઉદ્યોગ પર સીધી અસર પડશે. હાલ ગેસ સંકટ અને રહેણાંક સમસ્યાના કારણે સચિન જીઆઈડીસીનો ઉદ્યોગ દબાણમાં જોવા મળી રહ્યો છે.

### શ્રમિકોની હિજરત...

એ પણ ગેસ બુકિંગ અને સપ્લાય વચ્ચેના ગેરસમજ અંગે નારાજગી વ્યક્ત કરી હતી.ભોજનાલય બહાર રોજ સવારથી જ લાંબી લાઈનો જોવા મળે છે. છતાં શિસ્તબદ્ધ રીતે ભોજન વિતરણ થાય છે. પાર્સલ પેકિંગ માટે વધારાના સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે જેથી ઝડપી સેવા મળી રહે. સ્વચ્છતા અને માત્ર પેટ પૂરતું ભોજન નહીં, પરંતુ શ્રમિકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી શુદ્ધ અને સાત્વિક ભોજન આપવામાં આવે છે. સંચાલકોના જણાવ્યા મુજબ, “બહારનું ખાવાથી બીમારી વધે છે, તેથી ઘરે જેવું પૌષ્ટિક ભોજન આપવાનો અમારો પ્રયત્ન છે.”

### મિલ ટુ મિલ ફેક્ટરી સુધી પાર્સલ પહોંચાડવામાં આવે છે: જિતેન્દ્ર વખારિયા



સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ જીતેન્દ્ર વખારીયા એ જણાવ્યું હતું કે,'પાંડેસરાના ભોજનાલયમાં સામાન્ય રીતે 1000થી 1500 લોકો જમતા હતા, પરંતુ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ક્ષમતા વધારીને દરોજ 5000 લોકો માટે ભોજન તૈયાર કરવામાં આવી રહ્યું છે. ભોજન મિલ ટુ મિલ ફેક્ટરી સુધી ભોજનના પાર્સલ પહોંચે છે.અત્યારે 1000 શ્રમિકો ભોજનાલયમાં જમે છે, જ્યારે 4000થી વધુ લોકોને પાર્સલ દ્વારા ભોજન આપવામાં આવે છે. કોઈપણ કારીગર ટોકન લઈને અહીં ભોજન લઈ શકે છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય શ્રમિકોને સુરતમાં જ ટકાવી રાખવાનો છે.”

### ટેક્સટાઇલ ઉદ્યોગની માનવતા અને સંવેદનશીલતાનું પ્રતીક બની ગયું છે: કમલવિજય તુલસ્યાન



પાંડેસરા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રેસિડેન્ટ કમલવિજય તુલસ્યાને જણાવ્યું હતું કે, 'ગેસ સંકટ વચ્ચે પાંડેસરાનું 'મેગા કિચન'માત્ર ભોજન પૂરું પાડતું ઉપક્રમ નથી, પરંતુ તે ટેક્સટાઇલ ઉદ્યોગની માનવતા અને સંવેદનશીલતાનું પ્રતિક બની ગયું છે. આ પહેલથી હજારો શ્રમિકોને રાહત મળી છે અને સંભવિત પલાયનનો ખતરો ટળ્યો છે. ગેસની અછતના લીધે શ્રમિકો વતન હિજરત કરી રહ્યાં હતાં. જે શ્રમિકો સુરતમાં છે તેઓને ખાવાના ફાંફા પડી રહ્યાં હતાં, તેથી અમે ભોજનાલયમાં વધુ રસોઈ બનાવી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરી છે. રોજના 5000 લોકો માટે ભોજન બની રહ્યું છે. પાર્સલ પણ આપવામાં આવે છે. ભોજનાલયથી પેક કરી પાર્સલ શ્રમિકો સુધી પહોંચાડાય છે.

### પકડાયેલા કરિયાણા...

૨૬ રહે- બરફફેક્ટરી ગુરુકૃપા સોસાયટી પ્લોટ નં-૧૪૨ સરસ્વતી કિરાણા સ્ટોર્સ નામની દુકાનમા સચીન GIDC **(૭)** શ્યામબાબુ રામપ્રતાપ કબીરદાસ ઉ.વ ૧૯ રહે- બરફફેક્ટરી ગુરુકૃપા સોસાયટી પ્લોટ નં-૧૪૮ લક્ષ્મીનારાણય કિરાણા સ્ટોર્સ નામની દુકાનમા સચીન GIDC **(૮)** સુનીલ લખનલાલ શાહુ ઉ.વ 30 રહે- પ્લોટ નં-૩૧૬ બરફફેક્ટરી ગુરુકૃપા સોસાયટી સચીન GIDC **(૯)** ઉમાશંકર રામરાજ પાલ ઉ.વ ૩૫ રહે-પ્લોટ નં-૪૨,૪૩ કૃનાલભાઇની રૂમમાં અંબીકાનગર પાલીગામ સચીન GIDC **(૧૦)** રમણકુમાર જયકુમાર ભગત ઉ.વ 30 રહે-પ્લોટ નં-૨૫૨ કૈલાશનગર પાલીગામ સચીન GIDC **(૧૧)** રમેશ રામજુલુમ યાદવ ઉ.વ 30 રહે-રૂમ નં-૨૦ પ્રકાશભાઇની રૂમમાં અંબીકાનગર પાલીગામ સચીન GIDC **(૧૨)** મો.ફારૂક ઉમરદ્દીન સૈયદ ઉ.વ 33 રહે-પ્લોટ નં-૪૧/૪૨ દરબારનગર, ઉન પાટીયા **(૧૩)** રામનરેશ માટાદિન પ્રજાપતિ ઉ.વ 30 રહે-બિ.નં.1, રૂમ નં.6 ગોલ્ડન આવાસ, ભેસ્તાન

## અનુસંધાન... પાના પહેલાનું

### ઇઝરાયેલે ઇરાનના...

ગેસ ફિલ્ડ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જે પ્રદેશની આર્થિક કરોડરજ્જુ સમાન છે. ઇઝરાયેલે આ અગાઉ ટોચના સુરક્ષા અધિકારી અલી લારીજાની અને રિવોલ્યુશનરી ગાર્ડના બાસિજ ફોર્સના વડાને પણ ઠાર કર્યા છે. ઈરાનના બુશેહર પરમાણુ પ્લાન્ટ સંકુલ પર પણ એક પ્રોજેક્ટાઈલ પડ્યું હતું, જોકે તેનાથી કોઈ મોટું નુકસાન થયું નથી. બીજી તરફ, લેબનોનમાં પણ ઇઝરાયેલે બેરુતમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર જોરદાર હુમલા કર્યા છે, જેમાં એક પત્રકાર સહિત અનેક લોકોનાં મોત થયાં છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધી ઈરાનમાં 1300થી વધુ લોકોનાં મોત થયાં છે.

**ઈરાનના અણુ મથક પર પ્રોજેક્ટાઈલ હુમલો**

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના વધતા તણાવ વચ્ચે ઈરાનના બુશેહર પરમાણુ પાવર પ્લાન્ટ સંકુલ પર એક પ્રોજેક્ટાઈલ ત્રાટક્યું હતું. તેહરાન તરફથી મળેલી માહિતી બાદ આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી (આઈએઈએ)એ આ ઘટનાની પુષ્ટિ કરી છે. જોકે, રાહતની વાત એ છે કે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી અને અણુ પ્લાન્ટને પણ કોઈ મોટું નુકસાન પહોંચ્યું નથી. આઈએઈના વડા રાફેલ ગ્રોસીએ આ ઘટના બાદ અત્યંત ચિંતા વ્યક્ત કરી છે અને બંને પક્ષોને મહત્તમ સંયમ રાખવા અપીલ કરી છે, જેથી કોઈ મોટી પરમાણુ દુર્ઘટનાને ટાળી શકાય. આ ઉપરાંત, ઈઝરાયેલે ઈરાનના અન્ય સંવેદનશીલ સ્થળો પર પણ દબાણ વધાર્યું છે, જેમાં તેના કુદરતી ગેસ ફિલ્ડને પણ નિશાન બનાવવામાં આવ્યું છે, જેના કારણે સમગ્ર પ્રદેશના ઉર્જા સ્ત્રોતો પર ખતરો મંડરાઈ રહ્યો છે.

### ઈરાનનો વળતો...

ના તેલ અને ગેસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ હુમલા કરવાની ધમકી આપી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ 40 ટકા વધીને પ્રતિ બેરલ 108 ડોલરને પાર કરી ગયા છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાડ્ર્સે મધ્ય ઇઝરાયેલને નિશાન બનાવીને 'મલ્ટિપલ વોરહેડ' મિસાઈલો છોડી હતી, જે ડિફેન્સ સિસ્ટમને છેતરવાની ક્ષમતા ધરાવે છે. તેલ અવીવ નજીક આ હુમલામાં બે લોકોનાં મોત થયા છે. સાઉદી અરેબિયાએ રિયાધમાં અમેરિકી દૂતાવાસ તરફ આવતા બે ડ્રોનને તોડી પાડ્યા હતા, જ્યારે બગદાદમાં પણ અમેરિકી દૂતાવાસ પર સતત બીજા દિવસે હુમલો થયો હતો. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે તેના દુશ્મનો માટે હોર્મુઝનો માર્ગ ક્યારેય ખુલવા દેશે નહીં.

**ઈઝરાયેલમાં 3 ખાનગી વિમાનોને નુકસાનઃ** ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલોને તોડી પાડવામાં આવી હતી, પરંતુ તેના ટુકડાઓ (Shrapnel) પડવાને કારણે તેલ અવીવના બેન ગુરિયન ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઉભેલા ત્રણ ખાનગી વિમાનોને ભારે નુકસાન થયું છે. તેલ અવીવ પાસે થયેલા હુમલામાં બે લોકોના મોત પણ થયા છે.

### રૂપિયો પાતાળમાં...

ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)એ 92.50ની સપાટી તોડવાની મંજૂરી આપતા રૂપિયો વધુ ગગડ્યો હતો, એટલે કે આરબીઆઈએ રૂપિયાને ટેકો આપવાનું બંધ કર્યું અને તેને બજારના સેન્ટિમેન્ટ મુજબ ઘટવા દીધો. બીજી બાજુ, શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો, સેન્સેક્સ 633 પોઈન્ટ વધીને 76,704 પર અને નિફ્ટી 196 પોઈન્ટ વધીને 23,777 પર બંધ થયા હતા. જોકે, એક્સચેન્જ ડેટા મુજબ વિદેશી રોકાણકારોએ બુધવારે 2714.35 કરોડના શેરની ચોખ્ખી વેચવાલી કરી હતી.

### ઈડી દરોડામાં...

આઈ-પીએસીની ઓફિસ અને તેના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને પડેલા દરોડાથી શરૂ થયો હતો. આ દરોડા દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે પ્રતીક જૈનના ઘરે પહોંચી ગયા હતા અને ત્યાંથી લેપટોપ, ફોન અને અનેક ફાઈલો લઈને બહાર નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ સીધા આઈ-પીએસીની સોલ્ટ લેક ઓફિસ પણ ગયા હતા. ઈડીએ આ ઘટનાને 'સત્તાનો ઘોર દુરુપયોગ' ગણાવ્યો હતો, જ્યારે મમતા બેનર્જીએ આ દરોડાને ભાજપ પ્રેરિત અને આગામી ચૂંટણી પહેલાં રાજકીય ષડયંત્ર ગણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન બંગાળ સરકાર વતી વરિષ્ઠ એડવોકેટ શ્યામ દિવાને દલીલ કરી હતી કે બંધારણમાં આવા કિસ્સાઓ માટે ઉપાયો છે અને કેન્દ્રએ યોગ્ય કાનૂની પ્રક્રિયા અનુસરવી જોઈએ. બીજી તરફ, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બંગાળ સરકાર પર સુનાવણીમાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો હતો. રાજ્ય સરકારે સુનાવણી મુલતવી રાખવાની વિનંતી કરી હતી જેને સુપ્રીમે ફગાવી દીધી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે તેઓ રેકોર્ડ પરની તમામ બાબતોને ધ્યાનમાં લેશે. આ મામલે હવે આવતા અઠવાડિયે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

### યુદ્ધ વચ્ચે...

રાખી છે. મેરીટાઈમ ડેટા પ્લેટફોર્મ્સ અનુસાર, યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં 16 ઓઈલ ટેન્કરો સહિત અંદાજે 90 જહાજો આ જળમાર્ગથી પસાર થયા છે. આમાંના ઘણા જહાજો પશ્ચિમી દેશોના પ્રતિબંધોથી બચવા માટે છૂપી રીતે પસાર થયા હતા, જેમને ઈરાન સાથે સંબંધ હોવાનું મનાય છે. વિશ્વના પાંચમા ભાગના ક્રૂડ ઓઈલનો પુરવઠો પૂરો પાડતા આ માર્ગ પર માર્ચની શરૂઆતથી ટ્રાફિક લગભગ થંભી ગયો છે અને 20 જેટલા જહાજો પર હુમલા પણ થયા છે. આમ છતાં, ઈરાને માર્ચની શરૂઆતથી 1.6 કરોડ બેરલથી વધુ તેલની નિકાસ કરી છે, જેમાં ચીન સૌથી મોટું ખરીદદાર રહ્યું છે. ખાસ વાત એ છે કે, તાજેતરમાં ભારત અને પાકિસ્તાન સાથે જોડાયેલા જહાજો પણ રાજદ્વારી વાટાઘાટો બાદ આ માર્ગ સુરક્ષિત રીતે પસાર કરી શક્યા છે. ભારતના એલપીજી જહાજો 'શિવાલિક' અને 'નંદા દેવી' પણ ઈરાન સાથેની ચર્ચા બાદ અહીંથી પસાર થયા હતા.વિશ્લેષકો માને છે કે ઈરાન આ માર્ગનો ઉપયોગ 'પસંદગીના જહાજો' માટે કરી રહ્યું છે, જ્યાં તે પોતાના મિત્ર દેશો અથવા ચીન જેવા ભાગીદારોના જહાજોને જવા દે છે, જ્યારે અન્ય દેશો માટે ભાવ વધારીને મુશ્કેલી ઊભી કરી રહ્યું છે.

### ઈન્દોરમાં EV...

પોઈન્ટમાં વિસ્ફોટ થયા બાદ આગે કારને લપેટમાં લીધી હતી અને ત્યારબાદ જોતજોતામાં આગ ત્રણ માળના મકાનમાં ફેલાઈ ગઈ હતી. ઘરના દરવાજા ઈલેક્ટ્રોનિક લોકથી સજ્જ હોવાથી પોલીસ અને બચાવ ટુકડી માટે અંદર પ્રવેશવું મુશ્કેલ બન્યું હતું. વધુમાં, ઘરમાં રહેલા રાંધણ ગેસના સિલિન્ડરો પણ ફાટતા આગ વધુ વિકરાળ બની હતી. આ ભયાનક આગમાં વિજય સેઠિયા (65) અને સુમન સેઠિયા (60) સહિત પરિવારના અન્ય સભ્યોએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ત્રણ વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા હતા.તપાસકર્તાઓને ઘટનાસ્થળેથી 10થી 11 ગેસ સિલિન્ડરનો જથ્થો મળી આવ્યો હતો, જેમાંથી કેટલાક ફાટતા આગ વધુ ભયાનક બની હતી. ફાયર વિભાગે બચાવ કામગીરી દરમિયાન 5 સિલિન્ડરને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ મકાન સ્થાનિક વેપારી મનોજ પુગાલિયાનું હતું અને બચાવ ટુકડીએ બારીની ગ્રીલ તોડીને ત્રણ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિજનોને 2 લાખ રૂપિયા તથા ઈજાગ્રસ્તોને 50,000 રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી મોહન યાદવે પણ આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી છે. મધ્યપ્રદેશ સરકારે આ મામલે નિષ્ણાતોની સમિતિ દ્વારા વિગતવાર તપાસના આદેશ આપ્યા છે.

રાજ્યના મંત્રી કૈલાશ વિજયવર્ગીયે કહ્યું હતું કે, વધતા ક્રૂડ ઓઈલના ભાવ વચ્ચે લોકોનો ઈલેક્ટ્રીક વાહનો તરફ ઝુકાવ વધી રહ્યો છે, ત્યારે આવી ઘટના ચિંતાજનક છે. સરકારે હવે ઈવી ચાર્જિંગ માટે નવી 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર' (એસઓપી) તૈયાર કરવાનો નિર્ણય લીધો છે.

### રૂ. 33,660 કરોડના...

યોજના હેઠળ 100થી 1,000 એકરના વિસ્તારમાં ફેલાયેલા ઉદ્યોગ પાર્કો વિકસાવવામાં આવશે, જેમાં પ્રતિ એકર 1 કરોડ સુધીની નાણાકીય સહાય આપવામાં આવશે. આ પાર્ક્સમાં આંતરિક રસ્તાઓ, અંડરગ્રાઉન્ડ યુટિલિટીઝ, ડ્રેનેજ અને આધુનિક વહીવટી પ્રણાલી જેવી પાયાની સુવિધાઓ ઉપરાંત તૈયાર ફેક્ટરી શેડ, ટેસ્ટિંગ લેબ, વેરહાઉસિંગ અને કામદારો માટે રહેણાંક જેવી વધારાની સુવિધાઓ પણ ઉપલબ્ધ હશે.'ભવ્ય' યોજનાનો મુખ્ય હેતુ 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપવાનો છે. અહીં ઉદ્યોગોને 'પ્લગ-એન્ડ-પ્લે' સુવિધા મળશે, એટલે કે જમીન, વીજળી, પાણી અને મંજૂરીઓ પહેલેથી જ તૈયાર હશે, જેથી રોકાણકારો કોઈ પણ વિલંબ વગર તરત જ ઉત્પાદન શરૂ કરી શકશે. આ પ્રોજેક્ટ્સ પીએમ ગતિશક્તિ સિદ્ધાંતો પર આધારિત હશે, જે ગ્રીન એનર્જી અને ટકાઉ સંસાધનોના ઉપયોગને પ્રોત્સાહન આપશે. આ યોજના દ્વારા સ્થાનિક સપ્લાય ચેઈન મજબૂત બનશે અને એમએસએમઈ તથા સ્ટાર્ટઅપ્સને મોટો ફાયદો થશે.

નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ વિકસાવવામાં આવેલી 'ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટીઝ'ની સફળતાને આધારે, વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'ભવ્ય' યોજનાનો અમલ રાજ્ય સરકારો અને ખાનગી ક્ષેત્રના ભાગીદારો સાથે મળીને કરવામાં આવશે.

### હવે ઘરેલુ ફ્લાઈટની...

સુધી એરલાઈન્સ મોટાભાગની બેઠકો પર 'પ્રીફર્ડ સીટ'ના નામે વધારાના પૈસા વસૂલતી હતી, જ્યારે માત્ર 20 ટકા બેઠકો જ વધારાના ચાર્જ વગર મળતી હતી. આ સાથે જ, મંત્રાલયે એરલાઈન્સને એવી કડક સૂચના આપી છે કે જે મુસાફરો એક જ પીએનઆર (એક જ ટિકીટ) પર મુસાફરી કરી રહ્યા હોય, તેમને ફ્લાઈટમાં સાથે જ બેસાડવામાં આવે. ખાસ કરીને પરિવારો કે જેઓ સાથે ટિકિટ બુક કરાવે છે, તેમને અલગ-અલગ બેઠકો ફાળવવાને બદલે પાસપાસેની બેઠકો આપવી ફરજિયાત રહેશે. એરલાઈન્સ દ્વારા સીટ પસંદગીના નામે વસુલવામાં આવતા ઊંચા ચાર્જ અંગેની વ્યાપક ફરિયાદો બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધા માટે લેવાયેલા આ પગલાંમાં 60 ટકા બેઠકો ચાર્જમુક્ત રાખવા ઉપરાંત રમતગમતના સાધનો, સંગીતનાં સાધનો અને પાળતુ પ્રાણીઓને સાથે લઈ જવા માટે પણ વધુ પારદર્શક નિયમો બનાવવામાં આવ્યા છે. વધુમાં, જો ફ્લાઈટમાં વિલંબ થાય કે ફ્લાઈટ કેન્સલ થાય, તો મુસાફરોના અધિકારોનું કડક પાલન થાય તે માટે એરલાઈન્સ પર કડક દેખરેખ રાખવામાં આવશે.